"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation

રેફ નં. તા: ૧૭/૦૬/૨૦૧૭

તંત્રી શ્રી, ______________________ સુરત

જાત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

## તળપદા કોળી પટેલ સમાજના બ્રેનડેડ યોગેશ મોહનભાઈ પટેલના પરિવારે કિડની, લિવર અને ચક્ષુઓનું દાન કરી માનવતા પ્રસારી સમાજને નવી દિશા બતાવી.

નામ: યોગેશ મોહનભાઈ પટેલ ઉ. વ.૪૨ બ્લડ ગ્રુપ: O+ve

વ્યવસાય:અડાજણ પ્રઈમ માર્કેટ પાસે બાઈક રિપેરિંગનું કામ કરતા હતા.

રહેવાસી: ૧૦૦૩, એકતાનગર, વિધાકુંજ સ્કુલની સામે, પાલનપુર જકાતનાકા પાસે, સુરત.

કૌટુંબિક વિગત : પત્ની: રંજનબેન યોગેશભાઈ પટેલ ઉ. વ. ૩૮

પુત્રી: સિમરન યોગેશભાઈ પટેલ ઉ.વ. ૧૭

ધોરણ ૧૨માં અભ્યાસ કરે છે.

પુત્ર: નિખીલ યોગેશભાઈ પટેલ ઉ. વ. ૧૧

પાલમાં આવેલ સરદાર વિદ્યાભવનમાં ધોરણ – ૬માં અભ્યાસ કરે છે.

**બનાવની વિગત:**

મંગળવાર તા: ૧૩ જુન, ૨૦૧૭ ના રોજ બપોરના ૩:૦૦ કલાકે યોગેશભાઈને માથામાં સખત દુઃખાવો અને વોમિટીંગ થતાં તેમને અડાજણમાં આવેલ પારિજાત હોસ્પીટલમાં ડો. વિજય મહેતાની સારવાર હેઠળ દાખલ

૨...

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



કરવામાં આવ્યા. નિદાન માટે CT સ્કેન કરાવતાં બ્રેઈન ટ્યુમર હોવાનું નિદાન થયું હતું. વધુ સારવાર માટે ગંભીર હાલતમાં બુધવાર તા: ૧૪, જુન ૨૦૧૭ના રોજ મેટાસ સેવન્થ એડવેન્ટીસ્ટ હોસ્પીટલમાં ન્યુરોસર્જન ડૉ. કીરીટ શાહની સારવાર હેઠળ દાખલ કર્યા.

ગુરુવાર તા. ૧૫ જુન, ૨૦૧૭ ના રોજ ડૉ. કીરીટ શાહે ક્રેન્યોટોમી કરી બ્રેઈન ટ્યુમર દુર કર્યું હતું.

શુક્રવાર તા:૧૬ જુન, ૨૦૧૭ના રોજ ન્યુરોસર્જન ડૉ. કીરીટ શાહ અને ન્યુરોફીજીશ્યન ડૉ. હરેશ પારેખે યોગેશભાઈને બ્રેનડેડ જાહેર કર્યા.
ઈન્ટેન્ટસીવીસ્ટ ડૉ. અંકિત ગજ્જરે ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી યોગેશભાઈના બ્રેનડેડ અંગેની માહિતી આપી.
ડોનેટ લાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી યોગેશભાઈના પત્ની રંજનબેન, ભાઈ કલ્પેશ અને વિજય અને પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.
યોગેશભાઈના પત્ની રંજનબેને જણાવ્યું કે મારા પતિ બ્રેનડેડ છે અને તેમનું મૃત્યુ નિશ્ચિત જ છે ત્યારે તેઓના અંગોના દાન થકી ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવજીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો.

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ટ્રાન્સપ્લાન્ટ કો.ઓર્ડીનેટર પ્રિયાબેન શાહ અને ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કિડની અને લિવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ.સુરેશ કુમાર અને તેમની ટીમે આવી કિડની અને લિવરનું દાન સ્વીકાર્યું. જ્યારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડૉ. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું.

3...

| | | | |
|---|---|---|---|
| **Nilesh Mandlewala** | **Sandeep Kumar, IRS** | **Rakesh Jain** | **Ramesh Malpani** |
| President | Vice President | Hon. Secretary | Hon. Treasurer |
| +91 98256 09922 | +91 81307 81031 | +91 98241 10349 | +91 98253 21626 |

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



દાનમાં મેળવવામાં આવેલી એક કિડની સુરતના રહેવાસી વચન યતીનકુમાર વોરા ઉ.વ. ૧૦માં અને બીજી કિડની જામનગરના રહેવાસી રાજેશ જગદીશભાઈ ઠક્કર ઉ. વ. ૪૦માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જયારે લિવર મહેસાણાના રહેવાસી રમેશભાઈ રેવાભાઈ પટેલ ઉ. વ. ૫૮માં ટ્રાન્સપ્લાન્ટકરવામાં આવ્યું છે.

આ કિડની અને લિવરનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડો. પ્રાંજલ મોદી, ડૉ. સુરેશ કુમાર અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં યોગેશભાઈના માતૃશ્રી સુમીત્રાબેન, પત્ની રંજનબેન, ભાઈ કલ્પેશ અને વિજય, મિત્રો રાકેશ, સતીશ, ધર્મેશ, વિનોદ તથા પરિવારના અન્ય સભ્યો, ન્યુરોસર્જન ડો. કીરીટ શાહ, ન્યુરોફીજીશ્યન ડૉ. હરેશ પારેખ, ઇન્ટેન્ટસીવીસ્ટ ડૉ. અંકિત ગજ્જર, મેટાસ સેવન્થ ડે એડવેન્ટીસ્ટ હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલા, હેમંત દેસાઈ, સુભાષ જોધાણી અને યોગેશ પ્રજાપતિનો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાત માંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી શ્રી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા <u>૨૦૫ કિડની, ૭૯ લીવર, ૫ પેન્ક્રીઆસ, ૧૧ હૃદય અને ૧૭૮ ચક્ષુઓનો દાન મેળવીને ૪૭૬ વ્યક્તિઓને</u> નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

ડોનેટ લાઈફ દ્વારા કેડેવર ઓર્ગન ડોનેશન અંગેની જનજાગૃતિના કાર્યક્રમો સતત થતા હોય છે જેને કારણે સમાજમાં ધીરે ધીરે લોકોમાં બ્રેનડેડ બાદ ઓર્ગન ડોનેશન કરવાની જનજાગૃતિ આવતી જાય છે અને તેના પરિણામે છેલ્લા પંદર દિવસમાં ડોનેટ લાઈફ દ્વારા છ બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી ૧૨ કીડની, ૬ લીવર, ૧ હૃદય અને ૪ ચક્ષુઓનું દાન કરાવવામાં આવ્યું છે. અમે સમાજના દરેક વર્ગના લોકોને નમ્ર અપીલ પણ કરીએ છીએ કે જયારે પણ કોઈ વ્યક્તિ બ્રેનડેડ હોવાની જાણકારી તમને પ્રાપ્ત થાય ત્યારે તેના અંગોનું દાન કરાવી ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવજીવન આપવાના યજ્ઞમાં જોડાઈએ.